# અંબાજીમાં આજથી ભાદરવી પૂનમનો મહામેળો, લાખો માઈભક્તો માટે તંત્ર સજ્જ

**12,300** ચો.મી.ના રેસ્ટ શેલ્ટરથી 2.67 લાખ ચો.મી. પાર્કિંગ સુધી વ્યવસ્થા: 30 વોટર પેગોડા, 33 ટોયલેટ બ્લોક અને 10 મેડિકલ-લોસ્ટ એન્ડ ફાઉન્ડ સેન્ટર તૈયાર

**ફ્રી** ફૂડ શેલ્ટર, સીસીટીવી, બેરિકેડિંગ અને માર્ગદર્શન માટે 4,000 ચો.મી. સાઇનેજ, 216 ક્રાફ્ટ સ્ટોલથી સ્થાનિક વેપારીઓ-કારીગરોને તક

ગાંધીનગરઃ ગુજરાતના પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીમાં 20થી 26 સપ્ટેમ્બર દરમિયાન ભાદરવી પૂનમનો મહામેળો યોજાશે ત્યારે દેશ-વિદેશમાંથી ઉમટનારા લાખો માઈભક્તોની સેવા અને સુરક્ષા માટે તંત્ર સંપૂર્ણ સજ્જ બન્યું છે. ગુજરાત સરકાર અને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સંકલનથી યાત્રાળુઓની સુવિધા, સ્વચ્છતા, આરોગ્ય, સુરક્ષા અને વાહન વ્યવસ્થાને કેન્દ્રમાં રાખીને વિશાળ પાયે કામચલાઉ માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા કરાયેલા આયોજનમાં 12,300 ચો.મી.ના રેસ્ટ શેલ્ટર, 2.67 લાખ ચો.મી.નું પાર્કિંગ, 30 વોટર પેગોડા અને 33 ટોયલેટ બ્લોક તૈયાર કરવામાં આવ્યા છે.

લાંબી પદયાત્રા કરીને આવતા ભક્તોને આરામ મળી રહે તે માટે હડાદ અને દાંતા રૂટ પર કુલ 12,300 ચો.મી. વિસ્તારમાં રેસ્ટ શેલ્ટર તૈયાર કરાયા છે. હડાદ રૂટના પાંચ શેલ્ટરમાં આશરે 2,776 અને દાંતા રૂટના બે શેલ્ટરમાં 1,140 યાત્રાળુઓ માટે સિંગલ તથા બંક બેડની સુવિધા છે. હડાદ રૂટ પર 600 ફ્લોર બેડિંગની ક્ષમતા ધરાવતો અલગ શેલ્ટર પણ તૈયાર કરાયો છે. દાંતા રૂટ પર 2,000થી 2,500 અને ગબ્બર રૂટ પર 500 યાત્રાળુઓની ક્ષમતા ધરાવતા ફ્રી ફૂડ શેલ્ટર ઊભા કરાયા છે. યાત્રામાર્ગો પર 30 વોટર પેગોડા મુકાયા છે. સ્વચ્છતા માટે 33 ટોયલેટ બ્લોકમાં બાથ, WC, યુરિનલ અને હેન્ડવોશની સુવિધા ઉપલબ્ધ રહેશે. મેળામાં વાહનોની મોટી સંખ્યાને ધ્યાનમાં રાખીને હડાદ રૂટ પર 17 અને દાંતા રૂટ પર 21 સહિત કુલ 2,67,265 ચો.મી. વિસ્તારમાં પાર્કિંગની વ્યવસ્થા કરાઈ છે. યાત્રાળુઓને તાત્કાલિક સારવાર માટે છ ફર્સ્ટ એઈડ કાઉન્ટર અને 10 મેડિકલ/લોસ્ટ એન્ડ ફાઉન્ડ સેન્ટર કાર્યરત રહેશે. વીજળી અને આગ સામેની સલામતી માટે 125 ફાયર એક્સ્ટિંગ્વિશર સહિતની વ્યવસ્થા કરાઈ છે. રેસ્ટ શેલ્ટરમાં મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ્સ પણ ઉપલબ્ધ રહેશે.

યાત્રાળુઓને માર્ગદર્શન અને અવરજવર સરળ બને તે માટે આશરે 4,000 ચો.મી. વિસ્તારમાં સાઈનેજ-હોર્ડિંગ્સ, છ વેલકમ આર્ચ, બોક્સ ટાવર, ક્યુ મેનેજર અને બેરિકેડિંગ ગોઠવાયા છે. સમગ્ર મેળા વિસ્તારને ફ્લેગ પોલ્સ, પોટેડ પ્લાન્ટ્સ અને અન્ય સજાવટથી આકર્ષક બનાવાયો છે. મેળામાં સ્થાનિક કારીગરો અને વેપારીઓને વ્યવસાયની તક મળે તે માટે આશરે 1,300 ચો.મી. વિસ્તારમાં 216 ક્રાફ્ટ સ્ટોલ ઊભા કરાયા છે. આમ, આસ્થાના મહામેળામાં માઈભક્તોની સુવિધા સાથે સ્થાનિક વેપાર અને કારીગરીને પણ પ્રોત્સાહન આપતું આયોજન કરવામાં આવ્યું

# આદિજાતિ વિસ્તારોમાં 108 હવે 10 મિનિટમાં પહોંચશે

**18** મિનિટ 32 સેકન્ડનો રિસ્પોન્સ ટાઈમ અડધાથી વધુ ઘટાડી 10 મિનિટ કરવાનો લક્ષ્યાંકઃ 89 નવી એમ્બ્યુલન્સ ઉમેરાશે

**ભારે** વરસાદ, પૂર અને કાચા રસ્તામાં પણ દર્દી સુધી પહોંચશે

ગાંધીનગરઃ ગુજરાતના અંતરિયાળ અને દુર્ગમ આદિજાતિ વિસ્તારોમાં ઈમરજન્સી સારવાર હવે વધુ ઝડપી બનાવવાની દિશામાં રાજ્ય સરકારે મહત્વનું આયોજન કર્યું છે. આદિજાતિ વિસ્તારોમાં હાલ 18 મિનિટ 32 સેકન્ડનો 108 એમ્બ્યુલન્સનો સરેરાશ રિસ્પોન્સ ટાઈમ ઘટાડીને આશરે 10 મિનિટ કરવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે. આ માટે ટૂંક સમયમાં 89 નવી એમ્બ્યુલન્સ આ વિસ્તારોમાં તૈનાત કરવામાં આવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળના આ આયોજનથી પસંદ કરાયેલા આદિજાતિ વસ્તી ધરાવતા જિલ્લાઓમાં 108 એમ્બ્યુલન્સની સંખ્યા 553થી વધીને 642 થશે. ભૌગોલિક અવરોધોના કારણે દર્દીને ઈમરજન્સી સારવાર પહોંચવામાં થતો વિલંબ ઘટાડવો અને તેને ઝડપથી હોસ્પિટલ સુધી પહોંચાડવો તેનો મુખ્ય હેતુ છે. સમગ્ર ગુજરાતમાં 108 સેવાનો સરેરાશ રિસ્પોન્સ ટાઈમ 13 મિનિટ 9 સેકન્ડ છે. શહેરી વિસ્તારમાં 9 મિનિટ 55 સેકન્ડ અને ગ્રામ્ય વિસ્તારમાં 16 મિનિટ 28 સેકન્ડ છે. જ્યારે આદિજાતિ વિસ્તારોમાં મુશ્કેલ ભૌગોલિક પરિસ્થિતિને કારણે આ સમય 18 મિનિટ 32 સેકન્ડ છે. નવી એમ્બ્યુલન્સની તૈનાતીથી આ સમય આશરે 10 મિનિટ સુધી લાવવાનો પ્રયાસ કરાશે, જેથી દર્દીને ઈમરજન્સીના નિર્ણાયક 'ગોલ્ડન અવર' દરમિયાન સારવાર મળી શકે. નવી 89 એમ્બ્યુલન્સમાં 22 ALS, 55 BLS અને 12 ખાસ 4WD એમ્બ્યુલન્સનો સમાવેશ થશે.

## એમબીબીએસ-ડેન્ટલ પ્રવેશ પ્રક્રિયામાં રાઉન્ડ-2 બાદ 714 બેઠક ખાલી, 3 બેઠકો રદ

અમદાવાદઃ શૈક્ષણિક વર્ષ 2026-27 માટે મેડિકલ અને ડેન્ટલ બેઠકો પર સ્નાતક કક્ષાના એમબીબીએસ અને ડેન્ટલ પ્રવેશ માટે રાઉન્ડ-2નું રિપોર્ટિંગ 16 સપ્ટેમ્બરથી 19 સપ્ટેમ્બર 2026 દરમિયાન યોજાયું હતું. રિપોર્ટિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેલી બેઠકોની વિગતો પ્રવેશ સમિતિ દ્વારા જાહેર કરવામાં આવી છે. એમબીબીએસમાં કુલ 442 બેઠકો અને ડેન્ટલમાં 272 બેઠકો, મળી કુલ 714 બેઠકો ખાલી રહી છે. આમાંથી MBBSની 439 બેઠકો નોન-રિપોર્ટિંગના કારણે ખાલી રહી છે, જ્યારે 3 બેઠકો રદ્દ કરવામાં આવી છે. બીજી તરફ, BDSમાં 272 બેઠકો નોન-રિપોર્ટિંગના કારણે ખાલી રહી છે.

# રાજ્યમાં દરેક આંગણવાડીમાં હવે મહિલાઓની કમિટી બનશે

**કમિટીમાં** માતાઓ, આશા કાર્યકર, આંગણવાડી કાર્યકર અને મહિલા શિક્ષિકાનો સમાવેશ કરાશે

ગાંધીનગરઃ ગુજરાતની દરેક આંગણવાડીમાં હવે મહિલાઓની સીધી ભાગીદારીથી 'આંગણવાડી મેનેજમેન્ટ કમિટી' (એએમસી) રચાશે. 0થી 6 વર્ષના બાળકોમાં કુપોષણ અને વિકાસાત્મક વિલંબ ઘટાડવા સાથે તેમના પોષણ, આરોગ્ય અને પ્રારંભિક શિક્ષણની ગુણવત્તા પર આ સમિતિ સીધી નજર રાખશે.સમિતિમાં આંગણવાડી કાર્યકર, આશા કાર્યકર, 3થી 6 વર્ષના બાળકોની બે માતાઓ, સ્થાનિક સ્વસહાય જૂથની મહિલા અને નજીકની સરકારી પ્રાથમિક શાળાની મહિલા શિક્ષિકાનો સમાવેશ થશે.

દર બે મહિને બેઠક યોજીને બાળકોનું ગ્રોથ મોનિટરિંગ, પોષણ આહારની ગુણવત્તા, આરોગ્ય તપાસ, કુપોષિત બાળકોની ઓળખ તથા પૂર્વ-પ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિઓની સમીક્ષા કરાશે. આંગણવાડીની ઈમારત, પીવાનું પાણી, શૌચાલય, રસોડું, શિક્ષણ સામગ્રી અને સ્વચ્છતા જેવી પાયાની સુવિધાઓની પણ ચકાસણી થશે. પાત્ર બાળકો, સગર્ભા અને ધાત્રી મહિલાઓ સુધી સેવાઓ પહોંચે છે કે નહીં તેની પણ દેખરેખ રાખવામાં આવશે.મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. મનીષા વકીલના માર્ગદર્શન હેઠળ સમિતિની રચના કરવામાં આવશે.

# બ્રિટીશ કૂટનીતિના કારણે મક્કા અને મદીનાનો કબજો સાઉદી પરિવારને મળ્યો હતો

આજે સાઉદી શાહી પરિવાર મક્કા અને મદીનાનો કબજો ધરાવે છે, પરંતુ લગભગ ૧૦૦ વર્ષ પહેલાં પરિસ્થિતિ તદ્દન અલગ હતી. તે સમયે મક્કા પર હાશેમી પરિવારનું શાસન હતું, જે પયગંબર મુહમ્મદના વંશજ હતા. મક્કાના શરીફ અને હિજાઝના રાજા હુસૈન બિન અલી આ પરિવારના વારસદાર હતા. ઓટ્ટોમન સામ્રાજ્ય (ઓસ્માનિયા સલ્તનત) દરમિયાન પણ મક્કાના શરીફનું પદ હાશેમી પરિવાર પાસે હતું. શરીફ હુસૈન બિન અલી હાશેમી પરિવારના નેતા હતા, જેમને પયગંબર મુહમ્મદના વંશજ માનવામાં આવે છે. તેમના પુત્ર અબ્દુલ્લા બિન હુસૈનનો જન્મ પણ ૧૮૮૨માં મક્કામાં થયો હતો. બીજી બાજુ, સાઉદ પરિવારનો ગઢ મધ્ય અરબના નજદ પ્રદેશમાં હતો. અબ્દુલ અઝીઝ ઇબ્ને સાઉદ પરિવાર ધીમે ધીમે આ પ્રદેશમાં પોતાની શક્તિનો વિસ્તાર કરી રહ્યો હતો. બંને પરિવારો વચ્ચે પહેલાથી જ સત્તા માટે સંઘર્ષ ચાલી રહ્યો હતો.

૧૯૧૫ની દારિન સંધિ હેઠળ બ્રિટને નજદ અને કેટલાક અન્ય વિસ્તારો પર ઇબ્ને સાઉદના અધિકારને માન્યતા આપી હતી. બદલામાં, ઇબ્ને સાઉદને બ્રિટન તરફથી ૨૦,૦૦૦ પાઉન્ડ અને ૧,૦૦૦ રાઇફલ્સ મળ્યાં હતાં. બ્રિટને નજદને દર મહિને ૫,૦૦૦ પાઉન્ડ પૂરાં પાડવાની પણ સંમતિ આપી હતી. જ્યારે બ્રિટન હુસૈનને ઓટ્ટોમન સામ્રાજ્ય સામે લડવા માટે પૈસા અને શસ્ત્રો પૂરાં પાડી રહ્યું હતું, ત્યારે તે ઇબ્ને સાઉદ સાથેના તેના સંબંધોને પણ મજબૂત બનાવી રહ્યું હતું.

ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

જૂન ૧૯૧૬માં શરીફ હુસૈને ઓટ્ટોમન શાસન સામે બળવો શરૂ કર્યો. તેમના પુત્રો ફૈઝલ અને અબ્દુલ્લાએ આરબ સૈન્યનું નેતૃત્વ કર્યું હતું. બ્રિટને તેમને શસ્ત્રો, પૈસા અને લશ્કરી સલાહકારો પૂરા પાડ્યા હતા. બ્રિટન ફક્ત હાશેમીઓને જ ટેકો આપી રહ્યું ન હતું. બ્રિટન પોતાની કૂટનીતિ હેઠળ નજદના શાસક ઇબ્ને સાઉદ સાથે પણ તેના સંબંધો મજબૂત કરી રહ્યું હતું. ૧૯૧૮-૧૯માં બંને આરબ હરીફો વચ્ચે ખુલ્લી લડાઈ શરૂ થઈ. ઇબ્ને સાઉદના દળોએ તારાબાહ ખાતે હુસૈનના પુત્ર પ્રિન્સ અબ્દુલ્લાની આગેવાની હેઠળના હાશેમી સૈન્યને હરાવ્યું.

આ યુદ્ધનો મુખ્ય વળાંક ૧૯૨૪-૨૫માં આવ્યો, જ્યારે નજદના શાસક અબ્દુલ અઝીઝ ઇબ્ને સાઉદના સૈન્યએ મક્કા, મદીના અને જેદ્દાહ જેવા શહેરો ધરાવતા હિજાઝ પ્રદેશમાં આગેકૂચ કરી.

પ્રથમ વિશ્વયુદ્ધ પછી ઓટ્ટોમન સામ્રાજ્યનું પતન થયું. હુસૈનને આરબ પ્રદેશોમાં એક વિશાળ અને સ્વતંત્ર આરબ સામ્રાજ્ય બનાવવાની આશા હતી. જોકે, આવું બન્યું નહીં. બ્રિટન અને ફ્રાન્સે આ પ્રદેશમાં પ્રભાવ અને નિયંત્રણની નવી વ્યવસ્થાઓ સ્થાપિત કરી. બ્રિટને વિવિધ પ્રદેશોમાં હાશેમી પરિવારના સભ્યોને સત્તા આપી. હુસૈન હાશેમીના પુત્ર ફૈઝલને ઇરાકનો શાસક બનાવવામાં આવ્યો, જ્યારે તેમના બીજા પુત્ર અબ્દુલ્લાને ટ્રાન્સજોર્ડનનો શાસક બનાવવામાં આવ્યો, જે પાછળથી આધુનિક જોર્ડન બન્યું.



મક્કાના મૂળ શાસક હાશેમી પરિવારની શક્તિ ધીમે ધીમે અરબી દ્વીપકલ્પની બહાર ખસી ગઈ. ૧૯૨૪માં પરિસ્થિતિ ઝડપથી બદલાઈ ગઈ. ઇબ્ને સાઉદના સૈન્યે નજદથી પશ્ચિમ તરફ આગળ વધવાનું શરૂ કર્યું. તેની ઇખ્વાન સેનાએ તૈફ પર કબજો કર્યો અને પછી તેણે મક્કા તરફ આગળ વધવાનું શરૂ કર્યું. તૈફ પર કબજો કરતી વખતે હિંસા અને લૂંટફાટના અહેવાલોથી મક્કામાં ભય ફેલાયો. હિજાઝના રાજા હુસૈન બિન અલીએ ફરી એકવાર બ્રિટનને મદદ માટે અપીલ કરી. આ વખતે બ્રિટિશ સરકારે હિજાઝ અને પવિત્ર શહેરોના ભવિષ્ય અંગે પોતાને સંપૂર્ણપણે તટસ્થ જાહેર કર્યું. બ્રિટને હુસૈનને લશ્કરી સહાય મોકલી નહીં. બ્રિટને મક્કા અને મદીના સીધા ઇબ્ને સાઉદને સોંપ્યાં ન હતાં. ઇબ્ને સાઉદના દળોએ આ શહેરો પર કબજો કર્યો, પરંતુ એક મહત્ત્વપૂર્ણ ક્ષણે બ્રિટને તેના ભૂતપૂર્વ સાથી હાશેમીને છોડી દીધો, જેનાથી ઇબ્ને સાઉદ માટે આગળ વધવાનો માર્ગ ખુલ્લો થઈ ગયો. ઇબ્ને સાઉદ મક્કામાં પ્રવેશ્યો. ત્યારબાદ તેના દળોએ ધીમે ધીમે મદીના અને જેદ્દાહ પર પણ કબજો કર્યો. ૧૯૨૫ના અંત સુધીમાં હિજાઝ સંપૂર્ણપણે ઇબ્ને સાઉદના નિયંત્રણ હેઠળ આવી ગયું હતું. જાન્યુઆરી ૧૯૨૬માં મક્કાના નેતાઓએ ઇબ્ને સાઉદ પ્રત્યે વફાદારી દાખવી, જે હિજાઝના રાજા બન્યા.

૧૯૨૦માં પ્રિન્સ અબ્દુલ્લાએ મક્કા છોડી દીધું. બાદમાં તેઓ ટ્રાન્સજોર્ડન ગયા અને બ્રિટિશ સમર્થનથી તેના શાસક બન્યા. આ જ પરિવાર આજે પણ જોર્ડન પર શાસન કરે છે. જોર્ડનના વર્તમાન રાજા અબ્દુલ્લા દ્વિતીય પ્રિન્સ અબ્દુલ્લા બિન હુસૈનના પ્રપૌત્ર છે. ઇરાકમાં હાશેમી રાજાશાહીનો અંત ૧૯૫૮માં આવ્યો હતો, પરંતુ જોર્ડનમાં આજે પણ આ રાજવંશ ચાલુ છે.

મક્કા અને મદીના કબજે કર્યા પછી ઇબ્ને સાઉદ અને તેમના પરિવારે બંને પવિત્ર શહેરો પર નિયંત્રણ મેળવ્યું. જોકે, બે પવિત્ર મસ્જિદોના રક્ષકનું સત્તાવાર બિરુદ ઘણું પાછળથી આવ્યું. સાઉદી રાજા ફહાદે ૧૯૮૬માં સત્તાવાર રીતે આ બિરુદ અપનાવ્યું. આજે સાઉદી અરેબિયાના રાજા સલમાન પણ આ જ બિરુદનો ઉપયોગ કરે છે.

આજે મક્કા અને મદીના જેવાં પવિત્ર શહેરોનો કબજો મુહમ્મદ પયગંબરના વારસદારોને બદલે સાઉદીના રાજપરિવાર પાસે હોય તો તેના માટે પ્રથમ વિશ્વયુદ્ધ પછી બ્રિટન દ્વારા આચરવામાં આવેલી કૂટનીતિ જવાબદાર છે.

ટીકાકારોનો આરોપ છે કે સાઉદી સરકાર ઇસ્લામના ઇતિહાસને ભૂંસી નાખવા માંગે છે. ૧૯૨૪માં સાઉદ પરિવારે મક્કા અને મદીના પર ફરીથી નિયંત્રણ મેળવ્યું તે પછી વહાબી સાઉદીઓએ પ્રાચીન કબરો, મસ્જિદો, ગુંબજો અને અન્ય માળખાઓનો નાશ કર્યો. ૨૫ એપ્રિલ ૧૯૨૫ના રોજ રાજા ઇબ્ને સાઉદની પરવાનગીથી વહાબી દળો દ્વારા મઝાર, ગુંબજો અને કબરોના પથ્થરોનો નાશ કરવામાં આવ્યો. અહીં નાશ પામેલી કબરોમાં પયગંબર મુહમ્મદની માતા અમીના, પિતા અબ્દુલ્લા ઇબ્ને અબ્દુલ-મુત્તાલિબ અને અન્ય પરિવારના સભ્યો ઉપરાંત અગ્રણી ઇમામોની કબરોનો પણ સમાવેશ થાય છે.

અહેવાલો કહે છે કે મક્કામાં ૧૯૮૫થી ૯૮ ટકા ઐતિહાસિક અને ઇસ્લામિક વારસાના સ્થળો તોડી પાડવામાં આવ્યાં છે. આવા એક નોંધપાત્ર સ્થળે પયગંબર મુહમ્મદના કાકા હમઝાનું ઘર પણ સામેલ હતું. આ ઘરને હોટલ બનાવવા માટે તોડી પાડવામાં આવ્યું હતું. તેવી જ રીતે, લગભગ એક દાયકા પહેલાં પયગંબર મુહમ્મદની પત્ની ખાદીજાહનું ઘર તોડી પાડવામાં આવ્યું હતું અને તે સ્થળે ૧,૪૦૦ જાહેર શૌચાલયો બનાવવામાં આવ્યાં હતાં. નાશ પામેલા નોંધપાત્ર બાંધકામોમાં ઓટ્ટોમન પોર્ટિકોનો સમાવેશ થાય છે, જે એક મહત્વપૂર્ણ સ્થાપત્ય વિશેષતા હતી. આ માળખું ૧૭મી સદીનું હતું અને તેના વિશિષ્ટ કમાનો અને સ્તંભો માટે પ્રખ્યાત હતું. ૨૦૧૩માં ઓટ્ટોમન પોર્ટિકોના વિનાશથી તુર્કીમાં ભારે આક્રોશ ફેલાયો હતો. સાઉદીના શાસકો ઇસ્લામના ઐતિહાસિક વારસાનો નાશ કરવાને વિકાસ માને છે.

૧૯૨૫ના અંત સુધીમાં મક્કા, મદીના અને જેદ્દાહ ઇબ્ને સાઉદના નિયંત્રણ હેઠળ આવ્યાં. ઇબ્ને સાઉદે આ પ્રદેશ પર વિજય મેળવ્યો, સાઉદી અરેબિયા સ્થાપિત કર્યું અને તેલ-સમૃદ્ધ રાજ્ય પર શાસન કરતાં સાઉદી પરિવારની સ્થાપના કરી. ૧૯૨૬માં મક્કા, મદીના અને જેદ્દાહ પર નિયંત્રણ મેળવ્યા પછી અબ્દુલ અઝીઝ બિન સાઉદે પોતાને હિજાઝનો રાજા જાહેર કર્યો. તેઓ પહેલાથી જ નજદના સુલતાન હતા. પછીના વર્ષના જાન્યુઆરીમાં તેમણે નજદ અને હિજાઝનું એકીકરણ જાહેર કર્યું. તેમણે બ્રિટિશ સરકાર સાથેના કરાર હેઠળ આ માટે માન્યતા પણ મેળવી હતી. તે સમયે તેમણે ઇમામ તરીકે પોતાનું બિરુદ વાપર્યું હતું, પરંતુ સત્તાવાર રીતે તેમને બાદશાહ કહેવામાં આવતા હતા. ત્યારબાદ તેમણે આરબોને તેમની પરંપરાગત જીવનશૈલી બદલવાનો આદેશ આપ્યો. ઇબ્ને સાઉદે બેદુઇન જાતિઓ વચ્ચેના ઝઘડા, હુમલાઓ અને લૂંટફાટ પર પ્રતિબંધ મૂક્યો.

૧૮ સપ્ટેમ્બર, ૧૯૩૨ના રોજ ઇબ્ને સાઉદે એક શાહી હુકમનામું બહાર પાડીને હિજાઝ અને સાઉદી અરેબિયાને એક દેશ તરીકે જાહેર કર્યા. ૨૩ સપ્ટેમ્બરના રોજ તેમણે એક શાહી હુકમનામું બહાર પાડ્યું, જેમાં કહેવામાં આવ્યું કે આરબ પ્રદેશ હવેથી રોયલ સાઉદી અરેબિયા તરીકે ઓળખાશે. મોટાભાગના સાઉદીઓ વિચરતી જીવનશૈલીથી ટેવાયેલા હતા. તેમની આર્થિક સ્થિતિ પણ નબળી હતી, પરંતુ ખનિજ તેલની શોધથી આ પ્રદેશનો માહોલ બદલાઈ ગયો.

**૧૯૨૪ માં સાઉદ પરિવારે મક્કા અને મદીના પર ફરીથી નિયંત્રણ મેળવ્યું તે પછી વહાબી સાઉદીઓએ પ્રાચીન કબરો, મસ્જિદો, ગુંબજો અને અન્ય માળખાંઓનો નાશ કર્યો હતો**

## BUSINESS મિત્ર

# ટાટા સન્સ vs ટાટા ટ્રસ્ટ: 158 વર્ષ જૂના સામ્રાજ્યમાં આરપારની લડાઈ

**ટાટા** સન્સના લિસ્ટીંગથી વિવાદ શરૂ થયો હતો

**દેશના** સૌથી મોટા બિઝનેસ હાઉસમાં સરકારી હસ્તક્ષેપની શક્યતા

નવી દિલ્હી, તા. 19: 158 વર્ષ જૂના ટાટા ગ્રુપમાં નિયંત્રણ અને ભાવિ દિશા માટે અભૂતપૂર્વ યુદ્ધ ફાટી નીકળ્યું છે, જે ભારતીય કોર્પોરેટ જગતના સૌથી પ્રતિષ્ઠિત લોકોમાંનું એક છે. ટાટા સન્સની મહત્વની બોર્ડ મીટિંગ દરમિયાન ફાટી નીકળેલા વિવાદે ટાટા સન્સ અને ટાટા ટ્રસ્ટના બોર્ડ વચ્ચેની ઊંડી અણબનાવનો પર્દાફાશ કર્યો છે. માત્ર 24 કલાકની અંદર બનેલા આ ઘટનાક્રમે દેશના સૌથી મોટા બિઝનેસ હાઉસમાં મોટા જાહેર વિવાદનું સ્વરૂપ ધારણ કર્યું હતું, જે હવે કોર્ટની લડાઈ અને સરકારના હસ્તક્ષેપની આરે છે.

24 કલાક ચાલેલી આ નાટકીય ઈવેન્ટની શરૂઆત ટાટા સન્સની બોર્ડ મીટિંગથી થઈ હતી. બેઠકના પહેલા અડધા કલાકમાં ત્રિમાસિક કામગીરી અને હિસાબ જેવા સામાન્ય વ્યવસાયિક વિષયો પર શાંતિપૂર્ણ ચર્ચા થઈ હતી. જોકે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની લિસ્ટિંગ સૂચનાઓનો મુદ્દો ઉભો થતાં જ વાતાવરણમાં અચાનક તણાવ વધ્યો હતો.

ટાટા સન્સના ચેરમેન એન ચંદ્રશેખરન, જે છેલ્લા એક દાયકાથી કંપનીનું નેતૃત્વ કરી રહ્યા છે અને જેમણે કંપનીને શેરબજારમાં લિસ્ટ કરવાનો સંકેત આપ્યો હતો, તેમણે સર્વસંમતિ ન બન્યા બાદ આ વર્ષની શરૂઆતમાં રાજીનામું આપવાનો નિર્ણય લીધો હતો. પરંતુ બોર્ડ મિટિંગમાં અચાનક વળાંક આવ્યો ત્યારે બોર્ડના સભ્યોએ 4-1ની બહુમતીથી ચંદ્રશેખરનનો કાર્યકાળ વધુ પાંચ વર્ષ વધારવાનો અને આઈપીઓ તરફ પગલાં ભરવાનો નિર્ણય લીધો હતો.

ટાટા ટ્રસ્ટના વડા નોએલ ટાટાએ આઈપીઓનો સખત વિરોધ કર્યો હતો અને અવાજ ઉઠાવ્યા વિના સંપૂર્ણ શાંતિથી પોતાનો તર્કસંગત પક્ષ રજૂ કર્યો હતો. તેમણે દલીલ કરી હતી કે કંપનીનો આઈપીઓ લાવવો ફરજિયાત નથી અને વિકલ્પોની શોધ કરવી જોઈએ.

નોએલ ટાટાએ દરખાસ્ત કરી હતી કે ટાટા સન્સે આરબીઆઈનો સંપર્ક કરવો જોઈએ અને અનલિસ્ટેડ રહેવા માટે તમામ કાનૂની માર્ગો લેવા જોઈએ. જો આ પ્રયાસ નિષ્ફળ જાય છે, તો નાણાકીય અને કોર્પોરેટ તૈયારીઓ માટે ઓછામાં ઓછા ત્રણ વર્ષનો વધારાનો સમય માંગવો જોઈએ.

આઈપીઓથી બચવા માટે તેમણે ટાટા સન્સ દ્વારા શાપૂરજી પાલોનજી ગ્રુપમાં 18.4 ટકા હિસ્સો ખરીદવાની ઓફર કરી હતી. આ યોજના હેઠળ 18 મહિનામાં બે હપ્તામાં ઓછામાં ઓછા 250 અબજ રૂપિયા એટલે કે 2.6 અબજ ડોલર રોકડ એસપી ગ્રુપને આપી શકાય છે. બાયબેકને ઈન્ટરનલ લિક્વિડિટી, લિસ્ટેડ ટાટા કંપનીઓમાં શેરના વેચાણ અને નવી એસેટ્સમાં બાહ્ય રોકાણ દ્વારા ફાઈનાન્સ કરવાનું સૂચન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં જ્યારે નોમિનેશન અને મહેનતાણું સમિતિના અધ્યક્ષ મનવાણીએ ચંદ્રશેખરનનો કાર્યકાળ પાંચ વર્ષ વધારવાનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે ચંદ્રશેખરન પોતાને ચર્ચાથી દૂર રાખીને ઓરડાની બહાર નીકળી ગયા હતા. નોએલ ટાટાએ આ પ્રસ્તાવનો વિરોધ કરતા કહ્યું હતું કે ચંદ્રશેખરનની 12 ઓગસ્ટે રાજીનામું આપવાની જાહેરાતને સ્વીકારી લેવામાં આવી છે અને હવે પાનું ફેરવી દેવામાં આવ્યું છે.

નોએલ ટાટાએ ટાટા સન્સ રૂલ્સની કલમ 121 નો હવાલો આપ્યો હતો, જેમાં ચેરમેનની નિમણૂક માટે ટાટા ટ્રસ્ટ દ્વારા નામાંકિત મોટાભાગના ડિરેક્ટર્સના સમર્થનની જરૂર છે. જો કે, ટ્રસ્ટના બે નામાંકિત ડિરેક્ટરો વચ્ચે મતભેદ થયો હતો - નોએલ ટાટાએ આ વિસ્તરણનો વિરોધ કર્યો હતો જ્યારે શ્રીનિવાસને તેને ટેકો આપ્યો હતો, જેના કારણે વિશ્વાસ મત માટે 1-1થી બરોબરી થઈ હતી. તેમ છતાં બોર્ડે નોયલ ટાટાના વિરોધને અવગણીને ચંદ્રશેખરનનો કાર્યકાળ 4-1ના મતથી લંબાવ્યો નથી.

# ઈ-વે-બિલ અને વાર્ષિક રિટર્નના ટર્નઓવરમાં તફાવતને કારણે કલમ 73 હેઠળ સત્તા પ્રાપ્ત કરી માંગણું નક્કી કરી કાર્યવાહી કરી શકાય નહીં

## નામદાર ગુજરાત હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

કાયદાની કેડીએ... ઈશ્વર રૂદલાલ

GST કાયદા હેઠળ વેચાણનું ઈન્વોઈસ, ઈ-વે-બિલ અને વાર્ષિક રિટર્નમાં કરદાતાએ જાહેર કરેલ ટર્નઓવર એક બીજા સાથે સંબંધિત હોવા છતાં, તેમનો હેતુ અલગ છે. ઈ-વે-બિલ અને વાર્ષિક રિટર્નના ટર્નઓવરના તફાવતને કારણે સત્તા અધિકાર હાંસલ કરી, કલમ 73 હેઠળ નોટિસ ઈસ્યુ કરી, ઓછા ભરાયેલ વેરા, વ્યાજ અને દંડની રકમ નક્કી કરી, વસૂલાતની કાર્યવાહી આસી. કમિશ્નર કરી શકે નહીં એવો અગત્યનો ચૂકાદો નામદાર ગુજરાત હાઈકોર્ટે આપ્યો છે. ખેર! નામદાર ગુજરાત હાઈકોર્ટના એમ સી બાઉકેમી ઈન્ડિયા પ્રા.લી. વિ. યુનિયન ઓફ ઈન્ડિયા સ્પે.સી.એપ્લી.નં. 5830/2025ના તા. 10/07/25ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો...

### હક્કીત...

અરજદાર પ્રા.લી. કંપની છે અને બાંધકામમાં ઉપયોગમાં લેવાતા રસાયણિક ઉત્પાદનો અને ટેકનોલોજીના ઉત્પાદન તથા સપ્લાયના વ્યવસાયમાં હતા. અરજદાર કંપનીએ કાયદાની જોગવાઈ હેઠળ તા. 1-4-18થી 31-3-19ના સમય માટે જરૂરી રીટર્નો ભર્યા હતા. તો આસી. કમિશ્નર સ્ટેટ ટેક્ષ, એ વર્ષ 2018-19 માટે તા. 26-12-23ના રોજ DRC-0A ઈસ્યુ કરી નીચેના ત્રણ મુદ્દાઓ જણાવી, રૂા. 78,74,893ની સૂચિત જવાબદારીની જાણ કરી હતી.

ઈ-વે-બિલ અને વાર્ષિક રિટર્નના ઓવરમાં તફાવત માહિતીની મેળવણીના અભાવે વધુ ઈન્પૂટ ટેક્ષ. ક્રેડિટ લીધાનો આક્ષેપ અને કલમ 17(5) હેઠળ અમાન્ય ક્રેડિટ ઓછી દર્શાવ્યાનો આક્ષેપ.

અરજદાર કંપનીના જણાવ્યા મુજબ ફોર્મ DRC-1Aની પ્રાથમિક સૂચનાનો જવાબ આપે તે પહેલાં જ બીજા દિવસે તા. 2712-23ના રોજ કલમ 73(1) હેઠળ ફોર્મ DRC-01માં કારણદર્શક નોટિસ ઈસ્યુ કરી હતી. અરજદારે તા. 4-1-24ના રોજ જવાબ આપી જણાવ્યું કે વાસ્તવિક વેચાણ પરનો ટેક્ષ સંપૂર્ણપણે ભરાયો હતો. તો ઈ-વે-બિલ અને GSTR-9ની રકમો વચ્ચેનો તફાવત ઈ-વે-બિલ બનાવતી વખતે થયેલી ભૂલોને કારણે હતો. અને કોઈ વેરો ઓછો ભરાયો ન હતો. ત્યારબાદ તા. 10-3-24ના રોજનાં ઓર્ડરથી આ તફાવત બદલ રૂા.27,68,190નું ટેક્ષ વ્યાજ અને દંડનું માંગણું ઊભું કરવામાં આવ્યું જે આદેશ સામે કંપનીએ અપીલ ફાઈલ કરી પરંતુ સમયમર્યાદાને કારણે નામંજૂર થઈ. તો વ્યકિતગત સુનાવણી ન આપવી અને રજૂઆતો ધ્યાનમાં ન લેવી એ ખામીઓ દર્શાવી ભૂલ સુધારણા અરજી તા. 12-3-25ના રોજ નામંજૂર થતા અરજદારે નોટિસ અને સંબંધિત આદેશને ના.હાઈકોર્ટ સમક્ષ પડકાયો.

### દલીલ...

અરજદારના વિધ્વાન એડવોકેટે દલીલ કરતા જણાવ્યું કે ઈ-વે-બિલ અને GSTR-9ના ઓવર વચ્ચેના તફાવતને કારણે કલમ 73 હેઠળ આપી કમિશ્નરશ્રીએ ક્ષેત્ર અધિકાર હાંસલ કરી કારણદર્શક નોટિસ બજાવવામાં ભૂલ કરી છે.

### ચૂકાદો...

ના.હાઈર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે માલ હરફેર માટે કલમ 68 હેઠળ ઈ-વે-બિલ ઈસ્યૂ કરવાનું રહે છે. અને તેથી ટેક્ષ ભરાયો નથી કે ઓછો ભરાયો છે તે નક્કી કરવા ખાતાના અધિકારીને કલમ 73 હેઠળ ક્ષેત્ર અધિકાર, પ્રાપ્ત થતો નથી.

ના.હાઈકોર્ટે જણાવ્યું કે અમારા મતે, ઈ-વે-બિલ અને કરદાતાએ GSTR-9માં જાહેર કરેલ ટર્નઓવરમાં તફાવતને કારણે અધિકારીશ્રીએ કાયદાની કલમ 73 હેઠળ ક્ષેત્રાધિકાર પ્રાપ્ત કરવો જોઈતો ન હતો, એમ જણાવી રીટ-પીટીશન મંજૂર કરી તા. 27-12-23ની કારણદર્શક નોટિસ અને તા. 10-3-24નો ઓરીજીનલ ઓર્ડર તેમજ તા. 23-10-24નો એપેલટ ઓર્ડર અને તા. 12-3-25ના ઓર્ડરો ગેરકાયદેસર ઠરાવી દૂર કર્યા.

# ચાંદી આ અઠવાડિયે રૂ. 7988 મોંઘી, રૂ. 2.37 લાખ ભાવ પહોંચ્યો

**સોનું** રૂ. 1789 વધીને રૂ. 1.54 લાખે પહોંચ્યું 2026માં અત્યાર સુધી સોનું ₹21,000 મોંઘું થયું

મુંબઈ, તા. 19: આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં તેજી રહી. એક કિલો ચાંદીના ભાવ રૂ. 7,988 રૂપિયા વધીને રૂ. 2.37 લાખ થયા છે. આ પહેલાં ગયા અઠવાડિયે એટલે કે 11 સપ્ટેમ્બરે તેનો ભાવ રૂ. 2.29 લાખ હતો. બીજી તરફ, 10 ગ્રામ 24 કેરેટ સોનાના ભાવ રૂ. 1.52 લાખથી વધીને રૂ. 1,54 લાખ થઈ ગયા છે. આ અઠવાડિયે તેની કિંમતમાં રૂ. 1,789 નો વધારો થયો છે. ડિસેમ્બર સુધીમાં સોનું રૂ. 1.70 લાખ અને ચાંદી રૂ. 3 લાખ સુધી પહોંચી શકે છે. વિશ્વની સેન્ટ્રલ બેંકો પણ સતત સોનું ખરીદી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, મધ્યસ્થ બેંકોએ સતત વાર્ષિક 1,000 ટનથી વધુ સોનું ખરીદ્યું છે. રશિયા-યુક્રેન યુદ્ધ, ચીન-તાઈવાન તણાવ અને ઈઝરાયલ-હમાસ સંઘર્ષ જેવા ભૂ-રાજકીય વિકાસે પણ સુરક્ષિત રોકાણ તરીકે સોનાની માંગને ટેકો આપ્યો છે. આગળ અનિશ્ચિતતાના માહોલમાં પણ સોનામાં તેજી ચાલુ રહેશે અને પરિસ્થિતિ સુધરતાં ચાંદીમાં પણ મોટો ઉછાળો આવશે. હાલના વલણને ધ્યાનમાં લેતાં ડિસેમ્બર સુધીમાં સોનું રૂ. 1.70 લાખ અને ચાંદી રૂ. 3 લાખ સુધી પહોંચી શકે છે. આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં સતત તેજી મંદી જોવા મળી છે. 2026માં અત્યાર સુધી સોનું રૂ. 21 હજાર મોંઘું થઈ ચૂક્યું છે.

# ભારતના વિદેશી હૂંડિયામણ ભંડારમાં $4.92 અબજનો ઘટાડો

**ગોલ્ડ** રિઝર્વ $2.59 અબજ ઘટ્યું; ટૂંકા ગાળાના ઘટાડા છતાં વાર્ષિક ધોરણે વિદેશી હૂંડિયામણ ભંડારમાં $77.62 અબજનો વધારો

મુંબઈ, તા. 19: ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા શુક્રવારે જાહેર કરાયેલા આંકડા મુજબ, 11 સપ્ટેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર $4.92 બિલિયન ઘટીને $780.78 બિલિયન થયો. આ ઘટાડો મુખ્યત્વે વિદેશી ચલણ સંપત્તિ (FCA) અને સોનાના ભંડારમાં ઘટાડો થવાને કારણે થયો હતો. RBI ના ડેટા અનુસાર, વિદેશી હૂંડિયામણ સંપત્તિ, જે અનામતનો સૌથી મોટો ઘટક છે, તે અઠવાડિયા દરમિયાન $2.37 બિલિયન ઘટીને $645.80 બિલિયન થઈ ગઈ.

આ જ સમયગાળા દરમિયાન ભારતનો સોનાનો ભંડાર $2.59 બિલિયન ઘટીને $111.23 બિલિયન થયો. દરમિયાન, સ્પેશિયલ ડ્રોઇંગ રાઇટ્સ (SDRs) $39 મિલિયન વધીને $18.85 બિલિયન થયો.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂ. | ૭૫/૩૬ '' | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ '' | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | ગાર્ડન | |
| લોકલ | | RIL રિલાયન્સ | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | વેલનોન (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૫૦૦ |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૨૦૦ |
| એસ-૩૦ | ૫૧૦૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૯૦૯૦ |
| તેજાબી સોનું | ૧૫૯૦૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૧૧૩૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૫૯૧૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૯૦૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૩૯૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૫૪૦૦ |